# ડોકોમોએ ઓફર પ્રાઇસ નક્કી કરી

**મુંબઈ:** એનટીટી ડોકોમો અને ટાટા સન્સે ૨૦ ટકા શેરો માટે ટાટા ટેલિસર્વિસિસ મહારાષ્ટ્ર (ટીટીએમએલ)ના શેરહોલ્ડર્સને શેર દીઠ રૂ. ૨૪.૩૦ના ભાવે ઓપન ઓફર કરવાનો નિર્ણય કર્યો હોવાનું માનવામાં આવે છે. આ ઓફર ભાવ બુધવારના રૂ. ૧૭.૭૯ના બંધ ભાવ કરતાં ૩૭ ટકા વધુ છે. જાપાનની આ કંપનીએ અનલિસ્ટેડ ટાટા ટેલિનો ૨૬ ટકા હિસ્સો ખરીદવાની બુધવારે સમજૂતી કરી હતી. ઓફર ભાવની જાહેરાત શુક્રવારે થવાની ધારણા છે.